**સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના સર્વેયર સંવર્ગ, વર્ગ-૩ની ખાલી જગ્યાની ભરતી માટે મહેસુલ વિભાગની ભરતી સમિતિ.**

સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી,
રેલ્વે ફાટક પાસે, ખ-૫ સર્કલ, સેક્ટર-૧૪, ગાંધીનગર-૩૮૨૦૧૬.
ફોન નંબર-(૦૭૯)૨૩૨ ૨૯૦૯૦

---

**(જાહેરાત ક્રમાંક: SCNDLR/201415/1)**

મહેસુલ વિભાગના નિયંત્રણ હેઠળના સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના તાબા હેઠળ સર્વેયર સંવર્ગ, વર્ગ-૩ની **૪૦૦** જગ્યાઓ પર નિમણૂક આપવા માટે ઉમેદવારો પસંદ કરવા માટે મેરિટ યાદી તૈયાર કરવા જગ્યાના સંદર્ભમાં ઉલ્લેખ કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓજસ વેબસાઇટ પર ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.guj.nic.in વેબસાઇટ પર **તા.૦૧/૦૯/૨૦૧૪ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૧૫/૦૯/૨૦૧૪(રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે.** ઉમેદવારે પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ (15 kb) અને સહીનો નમૂનો (15 kb) સાઇઝથી વધે નહી તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી ઓનલાઇન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. ઉમેદવારે પોતાના બધાજ શૈક્ષણિક, વય અને જાતિ તેમજ લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે મુજબની વિગતો ભરવાની રહેશે. પસંદગીની પ્રક્રિયા બહુ વિકલ્પીય પ્રશ્નોવાળી ઓ.એમ.આર. પધ્ધતિથી કરવામાં આવશે. પરીક્ષા સંદર્ભની બધીજ સૂચનાઓ, મોબાઇલ નંબર પર એસ.એમ.એસ.થી આપવામાં આવશે. આથી અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના તાબા હેઠળના વિભાગોમાં સમાવિષ્ટ જીલ્લાઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વિભાગ અને તેના તાબાના જીલ્લાનુ નામ | | | | |
|---|---|---|---|---|---|
| | અમદાવાદ વિભાગ | વડોદરા વિભાગ | સુરત વિભાગ | રાજકોટ વિભાગ | ભાવનગર વિભાગ |
| ૧ | અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ | ભાવનગર |
| ૨ | ગાંધીનગર | ખેડા | વલસાડ | કચ્છ | જૂનાગઢ |
| ૩ | સાબરકાંઠા | આણંદ | નવસારી | જામનગર | સુરેન્દ્રનગર |
| ૪ | અરવલ્લી | પંચમહાલ | ભરૂચ | મોરબી | અમરેલી |
| ૫ | મહેસાણા | દાહોદ | નર્મદા | દેવભૂમિ દ્વારકા | પોરબંદર |
| ૬ | બનાસકાંઠા | મહીસાગર | તાપી | -- | ગિર સોમનાથ |
| ૭ | પાટણ | છોટા ઉદેપુર | ડાંગ | -- | બોટાદ |

**૧. સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના તાબા હેઠળ સર્વેયર સંવર્ગની જગ્યાઓના પ્રમાણિત કરાવેલા રોસ્ટર રજીસ્ટર મુજબ જે તે કેટેગરીમાં વધ/ઘટની જગ્યાઓ ધ્યાને લઈ આ ભરતી પ્રસંગમાં ભરવાની થતી કેટેગરીવાર જગ્યાઓની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | જગ્યાની સંખ્યા | રોસ્ટર મુજબ વધ/ઘટ ધ્યાને લઇ ભરવાપાત્ર થતી કક્ષાવાર જગ્યાની વિગત | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.જા. | અ.જ.જા. | સા.શૈ.પ. | બિન અનામત | અ.જા. | અ.જ.જા. | સા.શૈ.પ. | બિન અનામત | શારીરિક વિકલાંગ | માજી સૈનિક |
| 1 | 400 | 15 | 75 | 135 | 175 | 5 | 22 | 41 | 52 | 35 | 40 |

- અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.
- મહિલાઓ માટે ઉપર દર્શાવ્યા મુજબ જગ્યાઓ ૩૦% મુજબ અનામત રહેશે. મહિલાઓ માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તે જગ્યા સબંધિત કેટેગરીના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે. જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે. પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)
- માજી સૈનિક માટે નિયમોનુસાર ૧૦% જગ્યા અનામત છે. જે, જે તે કેટેગરી સામે સરભર કરાશે. જો માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર ન મળે તો તે જગ્યા અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.
- શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારોની જગ્યાઓ જે તે કેટેગરીની જગ્યાઓ સામે સરભર કરાશે.
- સરકારની પ્રવર્તમાન જોગવાઇ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત,બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતા વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે ગણત્રીમાં લેવાના થાય છે.

<u>૨. પગાર ધોરણ</u> :- નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૦૬, તા.૦૧/૦૮/૦૬ તથા તા.૦૬/૧૦/૧૧ તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૦૯ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૧-૨૦૦૮-૪૩૩૭૧૭-ગ.૫ની જોગવાઇઓને આધીન જે બોલીઓ/ શરતો/નિયમો નક્કી કરેલ છે તે તેમજ હવે પછી વખતો વખત સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવે તે બોલીઓ/શરતો/નિયમો ઉમેદવારને બંધનકર્તા રહેશે. પ્રવર્તમાન જોગવાઇઓને આધીન પ્રથમ પાંચ વર્ષ માટે રૂ.૫૩૦૦/- પ્રતિમાસ ઉચ્ચક પગારથી કરાર આધારીત નિમણૂક અપાશે. તે સિવાય અન્ય કોઇ ભથ્થા કે લાભો મળવાપાત્ર રહેશે નહીં. ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પુરી થયેથી રૂ.૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રેડ પે-૨૪૦૦)ના પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવા પાત્ર થશે. વધુમાં આ ભરતી નામ. સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ એસ.એલ.પી. નં-૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ના આખરી ચૂકાદાને આધિન રહેશે.

<u>૩. રાષ્ટ્રિયતા</u> :- ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ- ૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રિયતા ધરાવતા હોવા જોઇએ.

<u>૪. શૈક્ષણિક લાયકાત</u> :-

(૧) ઉમેદવાર સરકારે માન્ય કરેલ સંસ્થામાંથી સિવિલ એન્જીનિયરીંગમાં ડીપ્લોમા અથવા સરકારે માન્ય કરેલી ઔધોગીક તાલીમ સંસ્થા(આઇ.ટી.આઇ.)માંથી ૨૪ મહિનાનો “સર્વેયર” નો અભ્યાસક્રમ પાસ કરેલ હોવો જોઇશે.

(૨) ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૩) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહીં.

(૪) ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૦૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ નંબર : સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેઝ ધરાવતા હોવા અંગેનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઇએ. અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ- ૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. આ તબક્કે આવુ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે, પરંતુ નિમણુંક મેળવતા પહેલા આવુ પ્રમાણપત્ર અચૂક રજૂ કરવાનું રહેશે, અન્યથા નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે નહીં.

૫. <u>વયમર્યાદા</u> :-

(૧) ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ એટલે કે તા.૧૫/૦૯/૨૦૧૪ ના રોજ ઉમેદવારની વય ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૨૮ વર્ષથી વધુ નહીં તેવી હોવી જોઇશે.

(૨) **મુળ ગુજરાતના હોય તેવા** અનામત વર્ગના, ઉમેદવારો તથા તમામ મહિલા, વિકલાંગ તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છુટછાટ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧. | સામાન્ય મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ |
| ૨. | અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ |
| ૩. | અનામત વર્ગના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૪. | સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૫. | સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૬. | અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૭. | અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૨૦ વર્ષ |

**નોંધ** :- ઉમેદવાર નીચે મુજબની વિકલાંગતા ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતા હશે તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે.

| ક્રમ | વિકલાંગતાનો પ્રકાર | અનામત જગાની ટકાવારી | વિકલાંગતાની ટકાવારી |
|---|---|---|---|
| ૧ | શ્રવણની ખામી માટે | ૧.૫ ટકા | શ્રવણની ખામીવાળા ઉમેદવારોના કિસ્સામાં મોડરેટ (૪૦ ટકાથી ઉપર અને ૭૫ ટકાથી ઓછી ક્ષતિ) |
| ૨ | હલન ચલનની વિકલાંગતા માટે | ૧.૫ ટકા | ૧. OA = One arm<br>૨. OL= One Leg |

(૩) માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહીં તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો તેમની ઉમરમાંથી બાદ કરતા મળતી ઉમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતા વધવી જોઇએ નહી.

(૪) તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવા પાત્ર છુટછાટ સાથેની ઉમર નિયત તારીખે કોઇપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતા વધવી જોઇએ નહી.

(૫) તમામ ઉમેદવારોના કિસ્સામાં વય મર્યાદા, શૈક્ષણિક લાયકાત, વધારાની લાયકાત, અનુભવ અને નોન ક્રિમિલિયર સર્ટિફિકેટ અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ એટલે કે તા.૧૫/૦૯/૨૦૧૪ની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

૬. <u>પસંદગી પ્રક્રિયા</u> :-

સર્વેયરની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે નીચે જણાવેલ પરિક્ષાની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. પરંતુ સમિતિને યોગ્ય અને જરૂરી લાગશે તો તેમાં જરૂરી ફેરફાર કરી શકશે.

(ક) **પરીક્ષા પધ્ધતિ :- (બહુવિકલ્પીય પ્રશ્નોવાળુ પ્રશ્નપત્ર) (૧૦૦ ગુણ / ૧૨૦ મિનિટ)**

લેખિત કસોટીમાં **<u>સામાન્ય જ્ઞાન તથા શૈક્ષણિક લાયકાત</u>**ના વિષય સંબંધ જ્ઞાનની ચકાસણી થશે. સામાન્ય જ્ઞાન વિષયમાં સામાન્ય જ્ઞાન, સાંપ્રત પ્રવાહો, ગુજરાતી,ગણિત,વિજ્ઞાન,ઇતિહાસ,ભૂગોળ વિગેરે વિષય પરત્વેના ઉમેદવારોના સામાન્ય જ્ઞાનની ચકાસણી થશે. દરેક ખોટા જવાબ માટે ૧/૩(એક તૃતિયાંશ) ગુણ ઉમેદવારે મેળવેલ કુલ ગુણમાંથી કાપવામાં આવશે. લેખિત પરીક્ષાનું આયોજન સમિતિ દ્વારા સંભવત: તા.૧૯/૧૦/૨૦૧૪ના રોજ કરવામાં આવશે.

(ખ) **લઘુતમ લાયકી ધોરણ** :-

અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારોની પસંદગી માટેનું લઘુતમ લાયકી ધોરણ પરીક્ષાના કુલ ગુણના ૩૫% રહેશે.

(ગ) (૧) સર્વેયરની જગ્યા માટેની પસંદગી યાદી (મેરીટ લીસ્ટ) લેખિત પરીક્ષા(OMR) માં મેળવેલ ગુણના આધારે કરવામાં આવશે.

(૨) આ જાહેરાત હેઠળની જગ્યા માટે મૌખિક કસોટી (ઇન્ટરવ્યુ) લેવાનાર નથી.

(ઘ) ઉપર મુજબ તૈયાર કરેલ પસંદગી યાદીના ૧૦ (દસ) ટકા જેટલી ઉમેદવારોની લાયકાતના ક્રમમાં લાયક ઉમેદવારોના નામ દર્શાવતી પ્રતિક્ષા યાદી પણ તૈયાર કરી જાહેર કરવામાં આવશે. આ યાદી તૈયાર કરતી વખતે દરેક કેટેગરીનું નિયમોનુસાર પ્રતિનિધિત્વ જળવાય તે જોવામાં આવશે. પ્રતિક્ષા યાદી પરિણામ જાહેર કર્યાના ૧(એક) વર્ષ સુધી અથવા તો આ જ સંવર્ગની બીજી પરીક્ષા લેવાય તે બે પ્રસંગમાંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. પ્રતિક્ષા યાદીનો અમલ માત્ર પસંદ થયેલા ઉમેદવારો હાજર ન થાય તેવા પ્રસંગે જ કરવામાં આવશે.

**૭. પરીક્ષા ફી** :-

- બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી રૂ. ૧૦૦/- + રૂ. ૧૨/- પોસ્ટ ઓફીસ ચાર્જ તથા અનુ. જાતિ, અનુ. જન જાતિ, તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી રૂ. ૫૦/- + રૂ. ૧૨/-પોસ્ટ ઓફીસ ચાર્જ ભરવાનો રહેશે.
- માજી સૈનિક તેમજ વિકલાંગ ઉમેદવારોને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવે છે.
- ઓન લાઇન અરજી કર્યા બાદ OJAS ની વેબ સાઇટ ઉપરથી ઉમેદવારના અરજી પત્રકની સાથે આપેલ પોસ્ટ ઓફીસના ૩ (ત્રણ) ચલણની A4 સાઇઝમાં પ્રિન્ટ લઇને ગુજરાત રાજ્યની કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં રજૂ કરવાથી તેઓ દ્વારા ફી સ્વીકારવામાં આવશે.
- આ ત્રણ ચલણ પૈકી એક ચલણ પોસ્ટ ઓફીસ રાખશે અને બીજા બે સહી/સિક્કા કરી ઉમેદવારને પરત કરશે. જે ઉમેદવારે સાચવી રાખી પરીક્ષા સ્થળે અચુક રજુ કરવાના રહેશે. **જો પરીક્ષા સ્થળે ઉમેદવાર આ ચલણ રજુ નહી કરે તો તેને પરીક્ષામાં બેસવા દેવામાં નહીં આવે.**
- પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તારીખ: ૧૭/૦૯/૨૦૧૪ ના પોસ્ટ ઓફીસના કામકાજના સમય સુધી છે.
- ફી ભર્યા બાદ રીફંડ મળવા પાત્ર નથી. તેમજ મુક્તિપાત્ર ઉમેદવારો સિવાયના ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.
- પરીક્ષા ફી ભરવાથી ઉમેદવારને તેઓ દ્વારા દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર SMS થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવારને SMS ન મળે તો તાત્કાલીક ઉમેદવારે જે પોસ્ટ ઓફીસ ખાતે ફી જમા કરાવેલ હોય તે પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે.

**૮. લેખિત પરિક્ષાનું કેન્દ્ર** :-

પરીક્ષા કેન્દ્ર અમદાવાદ ખાતે રાખવામાં આવશે. તેમજ પરીક્ષા કેન્દ્ર અંગે સમિતિનો નિર્ણય આખરી રહેશે. અને તેમાં ફેરફારની કોઇ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

## ૯. અરજી કરવાની રીત :-

આ જાહેરાતના સંદર્ભમાં સમિતિ દ્વારા ઓન લાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તારીખ: ૦૧/૦૯/૨૦૧૪ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૧૫/૦૯/૨૦૧૪ (સમય રાત્રીના ૨૩:૫૯ કલાક સુધી) દરમિયાન http://ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે

(૧) સૌ પ્રથમ http://ojas.guj.nic.in પર જવુ. હવે (૨) "Apply On Line" પર Click કરવું. (૩) " Surveyor" પર Click કરવાથી જગ્યાની વિગત મળશે.(૪) તેની નીચે "Apply now" પર Click કરવાથી Application Format ખુલશે. જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુંદડી (*) નિશાની હોય તે કોલમની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) (૫) Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવા માટે "Educational Qualifications" પર Click કરવું. (૬) તેની નીચે "Self-declaration" પર Click કરવું. ત્યારબાદ (૭) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર Click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઇ ગયેલ છે.(૮) હવે "save" પર Click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે. (૯) અરજી કર્યા બાદ ઉમેદવારનો "Application Number" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે. (૧૦) હવે Upload Photograph પર Click કરો. અહીં તમારો Application Number type કરો અને તમારી Birth-date type કરો. ત્યારબાદ OK પર Click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. (photo નું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬.સેમી પહોળાઇ અને signature નું માપ ૨.૫સે.મી. લંબાઇ અને ૭.૫ સે.મી.પહોળાઇ રાખવી.) (Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (૧૫ kb ) સાઇઝથી વધારે નહિ તે રીતે સ્કેન કરી computer માં સેવ કરેલા હોવા જોઇએ. ) "browse" button પર Click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઇલને select કરો અને "open" button ને Click કરો. હવે "browse" button ની બાજુમાં upload button પર Click કરો. હવે બાજુમાં તમારો ફોટો દેખાશે. હવે આજ રીતે Signature પણ Upload કરવાની રહેશે.(૧૧) હવે પેજના ઉપરના ભાગમાં " Confirm Application " પર Click કરો. અને Application Number તથા Birth-date type કર્યા બાદ OK પર Click કરવાથી ત્રણ બટન (૧) OK (૨) show application preview અને (૩) Confirm Application દેખાશે. ઉમેદવારે show application preview પર Click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવા જણાય તો edit કરી લેવું. કન્ફર્મ થયા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો થઇ શકશે. પરંતુ કન્ફર્મ થયા બાદ કોઇ પણ પ્રકારનો સુધારો શક્ય બનશે નહીં. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ Confirm Application " પર Click કરવુ. તેથી ઉમેદવારની અરજીનો સમિતિમાં online સ્વીકાર થઇ જશે. અહીં " Confirmation Number " generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ, ઉમેદવારે સાચવવાનો રહેશે. (૧૨) હવે print application પર Click કરવું. અહી તમારો Confirmation Number type કરવો અને print પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી. (૧૩) અરજી કન્ફર્મ થઇ ગયા બાદ આગળના ફકરા.૭ માં આપેલ સુચનાઓનુસાર પોસ્ટ ઓફીસ ખાતે રોકડમાં પરીક્ષા ફી ચલણથી ભરવાની રહેશે. આ ચલણ પણ OJAS વેબસાઇટ ઉપરથી જ ડાઉનલોડ કરવાનુ રહેશે. અરજી કન્ફર્મ કર્યા બાદ મુક્તિપાત્ર ઉમેદવારો સિવાય ફી ન ભરનાર ઉમેદવારની ઉમેદવારી રદ્દ ગણાશે.

## ૧૦. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) સમિતિના ઓનલાઇન મુસદ્દામાં અરજી કરેલ ના હોય.

(૨) અરજીમાં વિગતો અધૂરી કે અસંગત હોય.

(૩) અરજીમાં ઉમેદવારે પાસપોર્ટ સાઇઝનો ફોટો અને સહી અપલોડ કરેલ ન હોય.

(૪) અરજી રૂબરૂ, ફેક્સ, ઇ-મેઇલ કે પોસ્ટથી મોકલાવેલ હોય.

(૫) મુક્તિપાત્ર ઉમેદવારો સિવાયના ઉમેદવારોએ અરજી સાથે નિયત થયેલ ફી ભરેલ ન હોય.

**૧૧. સામાન્ય શરતો** :-

(૧) સમિતિ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મ તારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ.સેસ.સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે. અને પોતાની સમક્ષ રજુ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ---------------- છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતા જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા (credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય સમિતિ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઇ શકશે નહીં.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય,તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં. તેમજ અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ મળશે.

(૫) સા.શૈ.પ. વર્ગના ઉમેદવારોએ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું ગુજરાતીમાં આપેલ પ્રમાણપત્રની વિગતો અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. અંગ્રેજી ભાષાનુ પ્રમાણપત્ર માન્ય ગણાશે નહિં. ૩૧/૦૩/૨૦૧૪ ના રોજ પૂરા થયેલ નાણાંકીય વર્ષ :૨૦૧૩-૨૦૧૪ માટેનું તા.૦૧/૦૪/૨૦૧૪ થી અરજી કરવાની છેલ્લી તારીખ ૧૫/૦૯/૨૦૧૪ દરમિયાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ્દ થશે.

(૬) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારનું આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં ધરાવતા હોવા જોઇએ. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો ધ્યાને લેવામાં આવશે નહીં.

(૭) આખરી પસંદગી પામેલ માજી સૈનિક ઉમેદવારોએ ડિસ્ચાર્જ બુકની નકલ અચૂક રજૂ કરવાની રહેશે.

(૮) કોઇ પણ ઉમેદવાર જો એકથી વધુ અરજી કરશે તો તેમની અરજી રદ્દ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા સમિતિની રહેશે.

(૯) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક :સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ(૨) માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૦૫(પાંચ)% ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી તથા નિમણુંક સમયે પુન: લગ્ન કરેલ ન હોવા અંગેનું એફિડેવિટ રજૂ કરવાનું રહેશે.

(૧૦) એથલેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ , ક્રિકેટ , ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વૉલીબોલ, ટેનિસ, વેઇટ લિફ્ટિંગ, રેસ્લિંગ, બોક્સિંગ, સાઇક્લિંગ, જીમનેસ્ટિક, જુડો, રાઇફલ શૂટિંગ, ખો-ખો, તીરંદાજી, ઘોડેસવારી,ગોળાફેંક, નૌકા સ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો–ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે ઉમેદવારે મેળવેલ કુલ ગુણના ૦૫(પાંચ)% ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર સમિતિ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હક્કદાર થશે.

(૧૧) ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા ગૌણ સેવા પસંદગી મંડળ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

(૧૨) અગાઉ ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃતિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજી પત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

**<u>૧૨. સામાન્ય સુચનાઓ</u> :-**

૧. ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ સમિતિ માંગે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે-તે તબક્કે રદ્દ ગણવામાં આવશે.

૨. ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો Upload કરે છે, તેની પાસપોર્ટ સાઇઝના ફોટાની પાંચ કોપીઓ પોતાની પાસે રાખવી. પરીક્ષા સમયે હાજરીપત્રકમાં આ જ ફોટો લગાવવાનો રહેશે. તેમજ સમિતિ માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે.

૩. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં સમિતિ તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઇલ પર SMS મોકલવામાં આવશે તેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહીં.

૪. લાયક ઉમેદવારને ફીક્સ પગારથી ૦૫(પાંચ) વર્ષના કરાર આધારે સર્વેયર સંવર્ગની જગ્યા ઉપર નિમણૂંક સત્તાધિકારી દ્વારા નિમણૂંક આપવામાં આવશે. આ ઉમેદવારોને સર્વેયર સંવર્ગના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષા તેમજ કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ મુજબ નિયત પરીક્ષાઓ આ સમયગાળા દરમિયાન પાસ કરવાની રહેશે.

૫. આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

૬. ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત/ઉંમર/જાતિ વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે તેમણે રજૂ કરેલા પ્રમાણપત્રો ખૂબ જ ચોકસાઇથી પૂર્ણ રીતે ખરાઇ કર્યા બાદ જ રજૂ કરવા.

૭. ઉમેદવાર પોતે સર્વેયર સંવર્ગની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહિં. નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેની નિમણૂક રદ કરીને પડતો મુકી શકાશે. નિમણૂક બાબતે સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

૮. આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે સરવેયર સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધીન ગણાશે.

૯. આ જાહેરાત કોઇ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સમિતિને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને સમિતિ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.

૧૦. સમિતિ જે કોઇ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે સમિતિના અધ્યક્ષ, સભ્ય અથવા કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ વગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરવા માટે, (૨) બીજાનું નામ ધારણ કરવા માટે, (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે, (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે, (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવવા કે છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે, (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે, (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા,પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે, (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે, (૯) પરીક્ષા ખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણૂક કરવા માટે, (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે સમિતિએ રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે, (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા (૧૨) પરીક્ષા માટે તેને

પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત – (ક) સમિતિ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે. અથવા (ખ) (૧) સમિતિ, સીધી પસંદગી માટે લેવાની કોઇપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઇપણ રૂબરૂ મુલાકાતમાંથી અથવા (૨) રાજ્ય સરકાર, પોતાના હેઠળની કોઇપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે ગેરલાયક/બાકાત કરી શકશે.

સહી/-

તારીખ:૨૮/૦૮/૨૦૧૪

સ્થળ: ગાંધીનગર

(મનોજ અગ્રવાલ)

અધ્યક્ષ

ભરતી સમિતિ, મહેસુલ વિભાગ, અને

સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર